SUKHARAM OPTICAL HOUSE
બ્રાન્ડેડ ફ્રેમ
કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ
ગોગલ્સ
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

ભાવ, વજન અને ક્વોલીટી માટે
મીલ માન્ય માત્ર એક જ ઑથોરાઈઝડ, સ્ટોકીસ્ટ :
એમ. લોખંડવાળા એન્ડ કાં.
તીલક મેદાન, વસંત ટોકીઝની ગલી, બેગમપુરા, સુરત. ફોન: ૨૪૨૬૫૯૨, મો. ૯૯૭૮૯૭૭૬૨૦
HY-TUF® TMT/QST બાર્સ
✓ અતિશુધ્ધ ગુણવત્તા અતૂટ વિશ્વાસ
✓ ઈન્ડિયન તેમજ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબ
✓ ભૂકંપ પીડિત ક્ષેત્રોને લગતા યુરોપિયન કમીશનના કડક ધારાધોરણો અનુસાર
ભૂકંપ પીડિત ક્ષેત્રો માટે આદર્શ
URS ISO 9001:2008 Certificate No. 18005
IS 1786-1985 CM/L-7415771
નોંધ: અમારી કોઈ શાખા, બુકીંગ ઓફીસ કે ગોડાઉન અન્યત્ર નથી

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ મહા વદ પાંચમ, ગુરુવાર ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૮૯ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

### રાજ્યના હાઇ-પ્રોફાઇલ મંત્રી વિક્રમાદિત્ય સિંહે રાજીનામું પરત ખેંચતા સુખુ સરકાર બચી ગઇ

# હિમાચલની કોંગ્રેસ સરકાર પરનું સંકટ હાલ ટળ્યું

**રાજ્ય** વિધાનસભામાં નાટકીય ઘટનાક્રમોમાં ભાજપના 15 ધારાસભ્યો સસ્પેન્ડ કરાયા

**મુખ્યમંત્રી** સુક્ખુએ રાજીનામું આપવાની અટકળો ફગાવી, હિમાચલ સરકાર પર ક્યારેય સંકટ ન હતું : વિક્રમાદિત્ય



**શિમલા-નવી દિલ્હી, તા. 28 (PTI):** કોંગ્રેસે બુધવારે હિમાચલ પ્રદેશમાં તેની સરકાર બચાવવા માટે મરણિયા પ્રયાસ કર્યા હતા જ્યારે કેટલાંક નાટકીય ઘટનાક્રમો બન્યાં હતાં જેમાં સ્પીકર દ્વારા ભાજપના 15 ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને હાઈ-પ્રોફાઈલ મંત્રી વિક્રમાદિત્ય સિંહ દ્વારા રાજીનામાની ઓફર સામેલ છે. સિંહ, જે હિમાચલ કોંગ્રેસના અધ્યક્ષ પ્રતિભા સિંહના પુત્ર છે, તેમણે સવારે કહ્યું કે તેઓ મંત્રી પરિષદમાંથી રાજીનામું આપી કરી રહ્યા છે પરંતુ કલાકો પછી તેમનું વલણ નરમ પડ્યું.

પક્ષે તાત્કાલિક શિમલા મોકલેલા કેન્દ્રીય નિરીક્ષકો સાથેની બેઠક બાદ, સિંહે કહ્યું હતું કે મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ દ્વારા તેમના રાજીનામાનો અસ્વીકાર કરાયો છે અને પક્ષમાં એકતાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેઓ રાજીનામું પાછું ખેંચી રહ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે રાજ્ય સરકાર પર ક્યારેય સંકટ ન હતું.

હિમાચલ પ્રદેશની એકમાત્ર બેઠક માટે રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના છ ધારાસભ્યો દ્વારા મંગળવારે ક્રોસ વોટિંગ કરવાથી હિમાચલમાં અશાંતિ સર્જાઈ હતી. પાર્ટીએ હવે આ ધારાસભ્યોને વિધાનસભામાંથી ગેરલાયક ઠેરવવાની માંગ કરી છે. આ મામલાની સુનાવણી સ્પીકર કુલદીપ સિંહ પઠાનિયાએ કરી હતી જેમણે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. સસ્પેન્ડ કરાયેલા ભાજપના ધારાસભ્યોએ, જેમાં વિરોધ પક્ષના નેતા જય રામ ઠાકુર પણ સામેલ હતાં તેમણે શરૂઆતમાં ગૃહ છોડવાનો ઈનકાર કર્યો હતો, દેખીતી રીતે વિધાનસભાને ધ્વનિમત દ્વારા સુક્ખુ સરકારના બજેટને પસાર કરવાથી અટકાવવા માટે.

ભાજપ બજેટ પર મતદાન કરવા માગે છે, જે તેમને લાગ્યું કે કોંગ્રેસે રાજ્ય વિધાનસભામાં બહુમતી ગુમાવી દીધી છે. પરંતુ બપોરે, કટોકટી થોડા સમય માટે દૂર થઈ હતી જ્યારે ગૃહે ભાજપના કોઈ સભ્ય હાજર ન રહેતા ધ્વનિમત દ્વારા બજેટ પસાર કર્યું હતું. મુખ્યમંત્રી સુક્ખુએ તેઓ રાજીનામું આપી રહ્યા હોવાની અટકળોને ફગાવી દીધી હતી. 'ન તો હાઈકમાન્ડે, કે અન્ય કોઈએ મારું રાજીનામું માંગ્યું નથી.'

તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકાર રાજ્યમાં તેનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે.

## સેન્સેક્સમાં ભારે કડાકો, રોકાણકારોની રૂ. 6 લાખ કરોડની સંપત્તિ ધોવાઈ

**બીએસઈનો** સેન્સેક્સ 790.34 પોઈન્ટ તૂટીને 72,304.88ની સપાટી પર બંધ થયો


**ઉંચા** વેલ્યુ ધરાવતા મિડ-સ્મોલ શેરોમાં નફાવસુલીએ શેરબજારમાં ગભરાટ ફેલાઇ ગયો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. 28.** છેલ્લા કેટલાક મહિનાઓથી ભારતીય શેરબજાર ઐતિહાસિક સપાટી બનાવતું રહ્યું છે, જેમાં ખાસ કરીને બ્રોડર માર્કેટમાં સતત તેજીનો દોર જોવા મળી રહ્યો છે. રિટેલ રોકાણકારોના જોરે શેરબજારમાં મુમેન્ટમ જળવાઇ રહ્યું હતું, પરંતુ બ્રોડર માર્કેટમાં ઉંચા વેલ્યુએશનની ચિંતા સતાવી રહી હતી. ઘણી બધી કંપનીઓના શેરોના ભાવો અસાધારણ વધી ગયા હતા અને નવી ઉંચાઇ બનાવ્યા હતા. જેના લીધે માર્કેટ રેગ્યુલેટલ સેબીને પ્રશ્ન સતાવતો જોવા મળ્યો હતો. રિટેલ રોકાણકારો અને લોકલ સંસ્થાઓ, મ્યુચ્યુઅલ ફંડોની એકધારી ખરીદીએ શેરબજાર નીત નવી ઉંચાઇ હાંસલ કરતું હોવાથી સેબીએ ખાસ કરીને બ્રોડર માર્કેટમાં મ્યુચ્યુઅલ ફંડોનું હોલ્ડીંગ જાહેર કરવા તાકીદ કરી છે, જેમાં પેની સ્ટોક્સની જાહેરાત પણ કરવા જણાવ્યું હતું, જેના પરિણામે શેરબજારમાં એક નફાવસુલી નીકળી હતી અને શેરોમાં કડાકો બોલાયો હતો. આજે એક જ દિવસમાં રોકાણકારોને રૂ. 6 લાખ કરોડથી વધુનું નુકસાન થયું હતું. બીએસઈનો 30 શેરો વાળો

...અનુસંધાન પાના 4 પર

### નેવી, ગુજરાત એટીએસ તથા NCBના સંયુક્ત ઓપરેશનમાં દેશના ઈતિહાસમાં સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

## સૌરાષ્ટ્ર નજીકથી અત્યાર સુધીનું સૌથી વધુ 3,300 કિલો ડ્રગ્સ જપ્ત



**જહાજમાંથી** 5 લોકોની ધરપકડ કરાઈ જેઓ પાકિસ્તાનીઓ હોવાની આશંકા

**આંતરરાષ્ટ્રીય** બજારમાં આ ડ્રગ્સની કિંમત 2,000 કરોડ જેટલી થાય છે

**કેન્દ્રિય** ગૃહ મંત્રી અમીત શાહે ત્રણેય એજન્સીઓને અભિનંદન આપ્યા

**ગાંધીનગર :** સૌરાષ્ટ્ર નજીક ભારતીય જળ સીમાની અંદરથી મધદરિયે એક ઈરાની બોટને આંતરીને ભારતીય નેવી, ગુજરાત એટીએસ તથા એનસીબી દ્વારા હાથ ધરાયેલા સંયુક્ત ઓપરેશનમાં વિદેશી બોટને ઝડપી લઈને તેમાંથી 3300 કિલો ડ્રગ્સનું સૌથી મોટું કન્સાઈમેન્ટ જપ્ત કરવામાં આવ્યું છે. આ ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત 2000 કરોડ થવા જાય છે. આ વિદેશી બોટમાંથી સિક્યુરિટી એજન્સીઓ દ્વારા પાંચ વિદેશી નાગરિકોની ધરપકડ કરી લેવાઈ છે, જે પાકિસ્તાની હોવાની સંભાવના છે. આ બોટને પોરંબદર ખાતે લાવવામાં આવી છે. પોરંબદર ખાતે આ પાંચેય વિદેશી નાગરિકોની પુરપરછ હાથ ધરાઈ છે. ભારતીય નેવીના મેરીટાઈમ સર્વેલન્સ એક્ક્રાફટને ગુપ્ત માહિતી મળી હતી કે ગુજરાત તરફ આવી રેહલા એક વિદેશી જહાજમાં કરોડોનું ડ્રગ્સ લાવવામાં આવી રહ્યું છે. જેના પગલે નારકોટીક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી) પણ તપાસમાં જોડાયુ હતું. તે પછી ગુજરાત એટીએસ પણ બાતમીના આધારે તપાસમાં જોડાયું હતું. સાથે ભારતીય નેવી એક્સ જહાજને પણ આ સમગ્ર ઓપરેશનમાં જોડવામાં આવ્યુ હતું. જયારે જાસુસી વિમાનની મદદ વડે આ વિદેશી બોટ શોધી કાઢીને તેને ભારતીય જળ સીમાની અંદર આંતરીને ઝડપી લેવાઈ હતી. આ જહાજમાંથી ભારતીય ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું ડ્રગ્સ કન્સાઈનમેન્ટ જપ્ત થયું

...અનુસંધાન પાના 4 પર

### ડ્રગ્સ દક્ષિણ ભારતના એક રાજ્યમાં લઈ જવાનું હતું

પ્રાથમિક માહિતી મુજબ, આ ડ્રગ્સ દક્ષિણ ભારતના એક રાજયમાં લઈ જવાનું હતું. સંરક્ષણ પ્રવક્તાએ કહયું હતું કે જપ્ત કરાયેલા જથ્થામાં 3300 કિલો ડ્રગ્સ પૈકી 3110 કિલો ચરસ (હશીશ), 158.3 કિલો મેથાએમફેટામાઈન તથા 24.6 કિલો મોર્ફીનનો સમાવેશ થાય છે. આ ડ્રગ્સ જે પેકેટમાં હતાં તેની ઉપર 'રાસ અવાદ ગુડ્સ કં.'નો સ્ટેમ્પ હતો જે પાકિસ્તાનની કંપની છે, એમ એનસીબીએ જણાવ્યું હતું. ડ્રગ્સ ઈરાનના ચાબહાર બંદરથી નીકળ્યું હતું.





### વીરગાથા 3-0માં વિક્ષેપ પાડનાર પૈરેન્ટ્સ સાથે સંરક્ષણ પ્રધાને વાત કરી

તાજેતરમાં સંરક્ષણ અને શિક્ષણ મંત્રાલયો દ્વારા સંયુક્ત રીતે આયોજિત એક કાર્યક્રમ વીર ગાથા 3-0માં એક માતા-પિતાએ એમ કહીને વિક્ષેપ પાડ્યો કે ઘોષણાકર્તાએ સન્માન સમારોહ દરમિયાન તેમની પૌત્રીનું નામ બાકાત રાખ્યું છે. કારણ કે, તે તમિલનાડુની છે. જોકે, આયોજકોએ ભૂલથી નામ ચૂકી ગયાનું સ્વીકારતાં મામલો ટૂંક સમયમાં ઉકેલાઈ ગયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાર્યક્રમના મુખ્ય અતિથિ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બાદમાં તે વ્યક્તિ અને તેની પૌત્રી સાથે વાત કરી અને મામલો થાળે પાડ્યો. ભારતીય સૈનિકો દ્વારા બહાદૂરીનાં કાર્યો પર કવિતા, નિબંધ, ચિત્રો અને મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશનમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા દેશભરના 100 વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સારું થયું કે, વિવાદ ગંભીર સ્વરૂપ ધારણ કરે એ પહેલાં આ મુદ્દો ઉકેલાઈ ગયો. સંરક્ષણ પ્રધાનને સારી સલાહ આપવામાં આવી હતી અથવા ભલે તેમણે પોતાની રીતે કામ કર્યું હોય, તો પણ તેમણે અસંતુષ્ટ વ્યક્તિ અને તેમની પૌત્રી સાથે વાત કરી હતી, જેથી મામલો શાંત થાય.

**મહિલા સશક્તિકરણની દિશામાં સુપ્રીમ કોર્ટનું એક મોટું પગલું**


સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ 11 મહિલા વકીલોને વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કર્યા છે. તેમાંથી

...અનુસંધાન પાના 4 પર

## રિલાયન્સ-ડિઝની વચ્ચે વિલિનિકરણ, રૂપિયા 70,000 કરોડની મહાકાય મુડીનું સર્જન કરાશે

**રિલાયન્સના** ચેરમેન મુકેશ અંબાણીના પત્ની નીતા અંબાણી સંયુક્ત સાહસનું નેતૃત્વ કરશે જ્યારે ઉદય શંકર વાઇસ ચેરપર્સન હશે

**રિલાયન્સ** સંયુક્ત એકમમાં બે સ્ટ્રીમિંગ સેવાઓ અને 120 ટેલિવિઝન ચેનલો સાથે 63.16 ટકા હિસ્સો રાખશે, બાકીના 36.84 ટકા ડિઝની પાસે રહેશે





**નવી દિલ્હી, 28 (PTI).** વોલ્ટ ડિઝની કંપની અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે બુધવારે ભારતમાં તેમની મીડિયા કામગીરીને મર્જ કરવા માટે રૂ. 70,000 કરોડની મહાકાય મુડી બનાવવા માટેના કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી હતી. પ્રતિસ્પર્ધીઓ ઝી અને સોનીના 10 બિલિયન ડોલરના નિષ્ફળ વિલીનીકરણના માત્ર એક મહિના પછી આ સોદા હેઠળ રિલાયન્સ અને તેની આનુષંગિકો સંયુક્ત એકમમાં 63.16 ટકા હિસ્સો રાખશે જેમાં બે સ્ટ્રીમિંગ સેવાઓ અને 120 ટેલિવિઝન ચેનલો હશે. બાકીના 36.84 ટકા ડિઝની પાસે રહેશે, એમ કંપનીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. રિલાયન્સે જાપાનના સોની અને નેટફ્લિક્સ જેવા હરીફો સામે લડવા મજબૂત બનવા માટે સંયુક્ત સાહસમાં રૂ. 11,500 કરોડનું રોકાણ કરવા પણ સંમતિ આપી છે. રિલાયન્સના જીયો સિનેમાએ લાઈવ સ્પોર્ટ્સ માટેના વિશિષ્ટ અધિકારો જીત્યા હોવાથી ડિઝની+હોટસ્ટારે નાણાકીય વર્ષ 24ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તેના પેઈડ સબ્સ્ક્રાઈબર બેઝ લગભગ 55 મિલિયનથી ઘટીને લગભગ 40 મિલિયન થતો જોયો છે. સંયુક્ત એન્ટિટી પાસે સૌથી મોટો ઓટીટી સબ્સ્ક્રાઈબર બેઝ હશે.

રિલાયન્સના મીડિયા સાહસો હાલમાં નેટવર્ક 18માં રાખવામાં

...અનુસંધાન પાના 4 પર

## ભારત અમેરિકા હોમલેન્ડ સિક્યુરીટી સંવાદમાં ત્રાસવાદ અને ખાલિસ્તાની તરફી તત્વો અંગે ચર્ચા થઇ

**આતંકવાદ** અને હિંસક ઉગ્રવાદ, ડ્રગની હેરાફેરી, સંગઠિત અપરાધ અને ટ્રાન્સપોર્ટેશન સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દ્વિપક્ષીય પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે લઈ શકાય તેવા પગલાઓની ચર્ચા કરાઈ

**નવી દિલ્હી, તા. 28 (PTI):** બુધવારે અહીં આયોજિત ભારત-યુએસ હોમલેન્ડ સિક્યુરિટી સંવાદમાં આતંકવાદ, મની લોન્ડરિંગ, સંગઠિત અપરાધ અને અમેરિકામાં ખાલિસ્તાની તરફી તત્વોની પ્રવૃત્તિઓ સામે લડવામાં સહકાર અંગે ચર્ચા કરવામાં આવી હતી, સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ કર્યું હતું, જ્યારે અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ તેમના સમકક્ષ ક્રિસ્ટી કેનેગાલોએ કર્યું હતું, જેઓ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીમાં કાર્યકારી નાયબ સચિવ છે. વાતચીત દરમિયાન, બંને પક્ષોએ આતંકવાદ વિરોધી અને સુરક્ષા ક્ષેત્રોમાં ચાલી રહેલા સહકારની સમીક્ષા કરી, જે ભારત-યુએસ વ્યૂહાત્મક ભાગીદારીનો મુખ્ય આધારસ્તંભ છે, એમ એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું.

...અનુસંધાન પાના 4 પર

## 2022-23માં રાજકીય પક્ષોની આવક રૂપિયા 3,077 કરોડ, ભાજપનો હિસ્સો સૌથી વધુ

**નાણાકીય** વર્ષ 2022-23 દરમિયાન અન્ય છ રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના 76.73 ટકા આવક એકલા ભાજપની થઇ

**ચૂંટણી** બોન્ડ દ્વારા ભાજપને રૂ. 1294.15 કરોડ, જ્યારે કોંગ્રેસને રૂ. 171.02 કરોડ અને આપને રૂ. 45.45 કરોડ મળ્યા

**નવી દિલ્હી, તા. 28 (PTI) :** એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)એ બુધવારે જણાવ્યું હતું કે, છ રાષ્ટ્રીય પક્ષોએ 2022-23ના નાણાકીય વર્ષમાં લગભગ રૂ. 3,077 કરોડની કુલ આવક જાહેર કરી છે, જેમાં ભાજપને લગભગ રૂ. 2,361 કરોડનો મહત્તમ હિસ્સો મળ્યો છે. એડીઆરએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન શાસક ભાજપની આવક છ રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના 76.73 ટકા છે.

કોંગ્રેસે બીજી સૌથી વધુ આવક 452.375 કરોડ રૂપિયા જાહેર કરી છે, જે છ રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના 14.70 ટકા છે. ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત બીએસપી, આપ, એનપીપી અને સીપીઆઈ-એમએ તેમની આવક જાહેર કરી છે.

ભાજપ, કોંગ્રેસ અને આપએ નાણાકીય વર્ષ 2022-23 માટે ચૂંટણી બોન્ડ દ્વારા દાનમાંથી રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના 49.09 ટકા અથવા રૂ. 1,510.61 કરોડ એકત્ર કર્યા છે.

ભાજપને ચૂંટણી બોન્ડ દ્વારા 1294.15 કરોડ રૂપિયા મળ્યા, જ્યારે કોંગ્રેસને 171.02 કરોડ રૂપિયા અને આપને 45.45 કરોડ રૂપિયા મળ્યા.

### 2022-23 દરમિયાન રાજકીય પક્ષોની આવક

| રાજકીય પક્ષ | આવક (રૂ. કરોડમાં) |
|---|---|
| ભાજપ | 2360 |
| કોંગ્રેસ | 452 |
| CPI(M) | 141 |
| આપ | 85 |
| બસપા | 29 |
| એનપીપી | 07 |

તેની આરટીઆઈના જવાબમાં એસબીઆઈ દ્વારા શેર કરવામાં આવેલા ડેટાને ટાંકીને એડીઆરએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2022-23માં પક્ષો દ્વારા રૂ. 2,797.356 કરોડના ઈલેક્ટોરલ બોન્ડને રિડીમ

...અનુસંધાન પાના 4 પર

## કાયદા પંચ 2029માં એક સાથે ચૂંટણીની ભલામણ કરી શકે છે: સૂત્ર

**દેશભરમાં** લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે એક સાથે ચૂંટણી કરાવવા બંધારણમાં નવો અધ્યાય જોડવાની ભલામણ કરાશે

**નવી દિલ્હી, તા. 28 (PTI):** કાયદા પંચ 'એક દેશ, એક ચૂંટણી' પર બંધારણમાં એક નવો અધ્યાય ઉમેરવા અને 2029ના મધ્ય સુધીમાં દેશભરમાં લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે એક સાથે ચૂંટણીની વિશાળ લોકતાંત્રિક કવાયત હાથ ધરવાની ભલામણ કરે તેવી શક્યતા છે, એમ સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું.

જસ્ટિસ (નિવૃત્ત) રિતુ રાજ અવસ્થીના નેતૃત્વમાં પંચ, એક સાથે ચૂંટણીઓ પર 'નવો અધ્યાય અથવા ભાગ' જોડવા માટે બંધારણમાં સુધારાની ભલામણ કરશે.

પેનલ આગામી પાંચ વર્ષમાં '3 તબક્કામાં' વિધાનસભાના કાર્યકાળને સુમેળ કરવાની પણ ભલામણ કરશે જેથી મે-જૂન 2029માં 19મી લોકસભાની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે પ્રથમ વખત એક સાથે ચૂંટણી યોજવામાં આવી શકે.

બંધારણના નવા અધ્યાયમાં લોકસભા, રાજ્ય વિધાનસભાઓ, પંચાયતો અને નગરપાલિકાઓ માટે 'એક સાથે ચૂંટણી', 'એક સાથે ચૂંટણીનું ટકાઉપણું' અને 'સામાન્ય મતદાર યાદી' સંબંધિત મુદ્દાઓને સામેલ કરવામાં આવશે જેથી ત્રણ-સ્તરીય ચૂંટણીઓ એક સાથે યોજી શકાયએમ તેમણે સ્પષ્ટ કર્યું.

જે નવા અધ્યાયની ભલામણ કરવામાં આવી છે તેમાં ગૃહની

...અનુસંધાન પાના 4 પર

### તા. ૨૮-૦૨-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૦° સે. | ૨૨.૦° સે. | ૫૦% |